ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૮ ટકા

# બેફામ જતા બાઈકની અડફેટે સાયકલ ચાલક યુવાનનુ મૃત્યુ

## સે-૫ એમ.આર.એફ શો રૂમ સામે રાત્રે બનેલી ઘટના : બાઈક સવાર બે યુવાનો પણ ઘવાયા






ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરનાં રોડ નં-૩ પર ગઈ રાત્રે સે-૫ નજીક એમ.આર.એફ શૉ રૂમ સામે બેફામ જતા બાઈકચાલકે એક સાયકલ ચાલક યુવાનને અડફેટે લઈ લેતા સાયકલચાલક યુવાનનુ ઘટના સ્થળ પર જ કરુણ મૃત્યુ નિપજ્યુ હતુ. તો બીજી તરફ બાઈક પર સવાર બે યુવાનો પણ ગંભીર રીતે ઘાયલ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ મામલે સે-૭ પોલીસે બાઈક ચાલક સામે ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ કરાવી પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર મહાનગર પાલીકાનાં જાહેર શૌચાલયમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતો અને સે-૧૩ વિસ્તારનાં છાપરામાં રહેતો યુવાન શૈલેષ દલસુખભાઈ ગોહેલ ગઈ કાલે રાત્રે પોતાની સાયકલ લઈને રોડ નં.૩ પરથી ઘરે જઈ રહ્યો હતો. યામાહા બાઈક પર ડબલ સવારી બેફામ ગતિએ આવી રહેલા બાઈક ચાલકે સે.૫ પાસે એમ.આર.એફ શૉ રૂમ સામે શૈલેષની સાયકલને અડફેટે લઈ લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સાયક્લ સવાર શૈલેષનું સ્થળ પર જ કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ જ્યારે કાબુ ગુમાવી દેનાર બાઈક સવાર બંને યુવાનોને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા. સે-૭ પોલીસે બાઈકચાલક યુવાન સામે ગુનો નોંધી મૃતદેહ પી.એમ કરાવી વધુ તપાસ પી.એસ.આઈ એસ.ડી.ચૌધરીએ શરુ કરી છે.

### પરિવારજનોએ ૨૪ કલાક બાદ પણ મૃતદેહ ન સ્વિકાર્યો

મનપામાં કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતા સફાઈ કામદારનાં માર્ગ અકસ્માતમાં થયેલા મૃત્યુ બાદ તેના પરિવારજનો તથા સમાજનાં આગેવાનોએ મૃતદેહ સ્વિકારવાનો ઈન્કાર કરી દીધો છે. કામનુ ભારણ વધુ આપી બાર-બાર કલાક કામ કરાવી એજન્સી મારફતે કામદારોનું શોષણ કરવામાં આવતુ હોવાનાં આક્ષેપ સાથે કોન્ટ્રાક્ટર સામે ગુનો દાખલ કરવા તથા મૃતકના પરિવારજનોને સરકાર તરફથી મળવાપાત્ર સહાય આપવા આવેદનપત્ર આપવામાં આવ્યુ છે. તે ઉપરાંત મૃતકનાં પરિવારમાંથી કોઈને રહેમરાહે નોકરી આપવા અને પ્લોટ આપવા પણ માંગણી કરવામાં આવી છે. જ્યા સુધી માંગણીઓ નહી સંતોષાય ત્યા સુધી મૃતદેહ નહી સ્વિકારવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. ૨૪ કલાક બાદ પણ મૃતદેહ સ્વિકારવામાં આવ્યો ન હતો.

## ઉવારસદનાં વૃન્દાવન બંગ્લોઝમાં તસ્કરો ત્રાટક્યા દાગીના અને રોકડ રૂ.૫૦ હજારની ચોરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામની સીમમાં આવેલા વૃન્દાવન બંગ્લોઝમાં તસ્કર ટોળકી ત્રાટકી હતી. બંધ મકાનને ટાર્ગેટ બનાવીને તસ્કરો મકાનનાં બીજે માળે બેડ રૂમમાં જઈ સોનાની બુટીઓ અને રોકડ રૂ.૫૦હજારની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે અડાલજ પોલીસે મકાન માલીકની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી તસ્કરો સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ઉવારસદ ગામની સીમમાં આવેલા વૃન્દાવન બંગ્લોઝ ખાતે મકાન નં-૯ માં કનૈયાલાલ અરવિંદભાઈ નાયક તેમના પરિવાર સાથે રહે છે. ગઈ ૮ જુલાઈએ સવારે તેઓ પોતાના પરિવાર સાથે મકાનને તાળુ મારીને બહાર ગામ ગયા હતા. બીજે દિવસે સવારે પોતાના ઘરે પરત ફર્યા અને જોયુ તો મકાનનાં દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો અને દરવાજો અડધો ખુલ્લો હતો. અંદર જઈને તપાસ કરી તો મકાનની અંદર મોટા ભાગનો સામાન વેર વિખેર પડ્યો હતો. ઉપરનાં બીજે માળે જઈને તપાસ કરી તો કબાટ ખુલ્લુ પડ્યુ હતુ. બે દિવસ બંધ રહેલા મકાનને ટાર્ગેટ બનાવીને તસ્કર ટોળકી મકાનમાં હાથ ફેરો કરીને ફરાર થઈ ગઈ હતી. તસ્કરો બીજા માળનાં રૂમમાં ઘુસીને અંદરનાં કબાટમાંથી સોનાની રૂ.૫ હજારની કિંમતની બુટી અને રૂ.૫૦ હજાર રોકડ મળી કુલ રૂ. ૫૫ હજારની ચોરી કરી કોઈ અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા. અડાલજ પોલીસે મકાન માલીક કનૈયાલાલ નાયકની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## ભાટ પાસે નવા બની રહેલા બિલ્ડીંગમાંથી પડી જતા મજુરનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર-ઈન્દિરાબ્રિજ માર્ગ પર ભાટ ગામની સીમમાં આવેલા પ્લાઝમા રિસર્ચ સેન્ટર પાસે લેબર કોલોની ખાતે નવા બની રહેલા બિલ્ડીંગ પરથી નીચે પડી જતા એક મજુરનુ મૃત્યુ થઈ જવા પામ્યુ હતુ. ગઈ કાલે નવા બની રહેલા બિલ્ડીંગમાં કામ કરી રહેલો ૨૭ વર્ષિય મજુર ચંદનકુમાર રૂપનારાયણ મિશ્રા કોઈ કારણોસર અચાનક બિલ્ડીંગ પરથી નીચે પટકાતા ગંભીર રીતે ઘાયલ થયો હતો અને આ મજુરનુ સ્થળ પર જ કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતું. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ કરાવી ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## હોસ્પિટલ ૭ માસથી નવજાત બાળકોને બેબી કીટ આપવામાં સદંતર નિષ્ફળ

ગાંધીનગર, તા.૧૨

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા પ્રજાજનો માટે વિવિધ સરકારી આરોગ્યલક્ષી યોજના બહાર પાડવામાં આવે છે. આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યલક્ષી સેવા રાજયના છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે તંત્રના અધિકારીઓ રાત-દિવસ એક કરી રહ્યા છે. ત્યારે પાટનગરની હોસ્પિટલમાં સમસ્યાઓની ભરમાર છે. દર્દથી કણસતા આવતા દર્દીઓને આરોગ્યલક્ષી સેવા આપવામાં તંત્ર વામણું પુરવાર થાય છે. અતિ આધુનિક લાગતી હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી સગર્ભા મહિલાઓ મોટાભાગે ડીલીવરી માટે આવે છે. ત્યારે પ્રસુતાઓના નવજાત બાળકને જન્મ સમયે બેબી કીટ આપવામાં આવે છે. પરંતુ પાટનગરની હોસ્પિટલમાં આ કીટ છેલ્લા સાત માસથી એક પણ શીશુને આપવામાં આવી નથી. અત્યારે હાલના સમયે તો પ્રાઈવેટ કલીનીકના ડોક્ટર્સ દ્વારા પણ બેબી કીટ આપવામાં આવે છે. ત્યારે હોસ્પિટલ તંત્ર બેબી કીટ આપવામાં વામણું પુરવાર થાય છે. જેને પગલે બેબી કીટ નવજાત બાળકોના માતા-પિતાએ બહારથી ખરીદી કરવા પડે છે.

રાજયના પાટનગરની હોસ્પિટલનુંવહીવટી તંત્ર ધીરે ધીરે ખાડે જઈ રહ્યું છે. દર્દીઓને મળતી આરોગ્યલક્ષી જરુરીયાતની ચીજવસ્તુઓ આપવામાં પણ હોસ્પિટલના સત્તાધિશો ઉદાસીન વલણ દાખવી રહ્યા છે. હોસ્પિટલમાં લાખો રૂપીયાના સાધનોની તુરંત ખરીદી કરવામાં આવે છે. કારણ કે આ લાખો રૂપીયાની ખરીદીમાં મલાઈ મળતી હોય તેવું લાગી રહ્યું છે. જેથી છેલ્લા સાતસાત માસથી નવજાત બાળકોને બેબી કીટ તંત્ર દ્વારા આપવામાં આવતી નથી. બજારમાં માત્ર રૂ.૨૦માં મળતી બેબી કીટની ખરીદી કરવામાં પણ તંત્ર શું વિચારે ચડ્યું છે તેની ખબર આજદિન સુધી પડતી નથી. આરોગ્ય વિભાગ દ્વારા માતા અને બાળકો માટે સવિશેષ તકેદારી રાખવામાં આવે છે. ત્યારે જયાંથી યોજનાઓની જાહેરાત કરવામાં આવે છે તેની આંખ સામે માત્ર પાંચ મિનિટના અંતરે આવેલ પાટનગરની હોસ્પિટલમાં જ બેબી કીટ આપવામાં તંત્ર વામણુંસાબિત થઈ રહ્યું છે. ત્યારે નવજાત બાળકોને સત્વરે બેબીકીટ મળે તેવી દરેક પ્રસુતા મહિલા દર્દીઓની ઈચ્છા છે.

### @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે રંગબેરંગી ચોકસ્ટીકના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક સુધી ઝુલાવવામાં આવશે.

● શહેર પેન્શનર્સ સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારંભ સાંજે ૫.૦૦ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ સે-૨૨ ખાતે યોજાશે.

### વાતવાતમાં

● કેન્દ્રીય ચૂંટણીપંચની ઉચ્ચ સ્તરીય ટીમે આજે મહાત્મા મંદિર ખાતે ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરી હતી.

● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના ગાંધીનગર (દ) બેઠકના આગેવાનોની પણ ચૂંટણી વ્યુહરચના અંગે એક મહત્વની બેઠક મળી હતી.

● ગાંધીનગર મનપાની કચેરીમાં આજે કેન્દ્રીય મંત્રી રૂપાલા આવવાના હતા પંરતુ અન્ય રોકાણોને લઈ તે કાર્યક્રમ રદ થયો હતો.

## યુવાનોને બિઝનેસ ક્ષેત્રે પ્રોત્સાહીત કરવા જે.સી.આઈ. દ્વારા ખાસ તાલીમ અપાશે

ગાંધીનગર, તા.૧૨

યુવાનોને સતત આગળ ધપાવવા માટે વિવિધ ટ્રેનીંગનું આયોજન કરતી સંસ્થા જેસીઆઈ દ્વારા બિઝનેસમેન માટે એક સુવર્ણ ટ્રેનીંગનું આયોજન કરવામાં આવેલ છે. તારીખ ૧૪ અને ૧૫ જુલાઈએ 'બિઝનેસ બુસ્ટર-ધ મની મલ્ટીપ્લાયર' ટ્રેનીંગ જેસીઆઈ યુનિવર્સિટી, યુએસએના ઈન્ટરનેશનલ ટ્રેનીંગ ફેલો જેઓ હાલ રાજસ્થાનમાં સીએ છે તેવા જેસી પ્રિતમ ગોસ્વામી અને પ્રાઈમ ટ્રેનર જેસી હિરેન આચાર્ય લેશે. ઝોન-૭ની આ ટ્રેનીંગ જેસીઆઈ ગાંધીનગર દ્વારા યોજાઈ રહી છે. જેમાં ઉદઘાટક તરીકે ઝોન-૭ના પ્રમુખ ડૉ. ભુવન રાવલ, મુખ્ય મહેમાન શ્રી કૃષ્ણકાંત જહા, ચેરપર્સન અમીષી ગાંધી અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. વધુ માહિતી માટે ૯૯૭૮૪૦૫૮૧૯પર સંપર્ક કરવા જણાવાયું છે.

### આઈ લવ માય ગાંધીનગર



**ડો. ભાસ્કર એ શુક્લ**
**પ્રિન્સિપાલ, વિવેકાનંદ કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદ**

**ગાંધીનગર ગમે**

ઉનાળામાં પીળા ગરમાળાનાં ફૂલ, બોગનવેલના રંગબેરંગી ફૂલો, સુંદર સ્વચ્છ રસ્તા, શાંતિ, સંસ્કાર, શિક્ષણ, સાહિત્ય અને કલાની પ્રવૃત્તિઓ તેમજ સમગ્ર ગુજરાતમાં અજોડ, અનન્ય નવરાત્રી પર્વથી સુશોભિત હોવાને કારણે ગાંધીનગર મને પ્રિય છે.

**નગરજનો**

શિસ્તપ્રિય, નિયમિત, ઓછા બોલા, સંસ્કારી પરંતુ તહેવાર, ઉત્સવપ્રિય અને શાંત નગરજનો ગાંધીનગરનું ગૌરવ છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગાંધીનગર કલ્ચરલ ફોરમ, કલાગુર્જરી, આર્ટ લવર્સ, શિવરંજની જેવી સંસ્થાઓ (જે માત્ર એકબીજા સાથે સ્પર્ધામાં નહીં પણ શ્રેષ્ઠ કાર્યક્રમોને સમર્પિત છે) ગમે છે. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

નગરને સ્વચ્છ બનાવવા યુવા જાગૃતિ, સ્વયંશિસ્તની કામગીરી થવી જોઈએ. યુવાનોને સ્વચ્છતાના આગ્રહી અને વ્યસનમુક્ત બનાવવા જોઈએ.

**નગર માટે હું કરી શકું**

યુવાનોને રોજગાર, સર્વિસલક્ષી માર્ગદર્શન, વ્યસનમુક્ત કરવા, સિનિયર સિટિઝન્સ માટે બેંક, પોસ્ટ તેમજ વિવિધ કામો માટે મદદરૂપ થવા હું તૈયાર છું.

## ગાંધીનગરમાં શાળા-મુખ્ય રાજમાર્ગને ડો. બાબાસાહેબ આંબેડકરના નામ સાથે જોડવા માંગ

ગાંધીનગર શહેરમાં આવેલ કોઈ પણ શાળા, મુખ્ય રાજમાર્ગ સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર નામાભિધાન કરવા અંગે ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ તરફથી છેલ્લા દશ વર્ષથી મુખ્યમંત્રી, મંત્રીશ્રી, કલેકટરશ્રી તમામ સત્તાવાળાઓને લેખિત રજુઆત વારંવાર કરવામાં આવેલ છે.

માન. મુખ્યમંત્રીશ્રીના કાર્યલયમાંથી સદર પત્ર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સામાન્ય વહીવટ વિભાગ અને માર્ગ અને મકાન વિભાગ ગાંધીનગરને નામાભિધાન કરવા જરુરી સુચના તા. ૧૫-૧૦-૨૦૧ના પત્રથી આપવામાં આવતા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના તા. ૧૮-૧૦-૨૦૧૬ના પત્ર અન્વયે મ્યુનિસિપલ કમિશનરશ્રી ગાંધીનગર મહાનગરપાલિકાને ઘટતી કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી છે. જે અન્વયે આજ દિન સુધી કોઈ કાર્યવાહી થઈ નથી તો ગાંધીનગર શહેરમાં આવેલ મુખ્ય રાજમાર્ગ, શાળા-મહાશાળાના નામ સાથે ડૉ. બાબાસાહેબ આંબેડર નામાભિધાન કરવા સમિતિના પ્રમુખ હરગોવિંદભાઈ જે. રાઠોડ અને મહામંત્રી વિઠ્ઠલભાઈ જે. પરમાર તથા ઉપપ્રુખ ભરતસિંઘ ચૌધરીએ સંયુકત યાદીમાં જણાવ્યું છે.

## બાળકો માટે સિનેમેક્સમાં 'ફેરારી કી સવારી' ફિલ્મ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લામાં બાળ ફિલ્મોત્સવના ત્રીજા દિવસે ઈન્ચાર્જ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી. દેસાઈ અને નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ. જાડેજાએ ગાંધીનગરના સિનેમેક્સ સિનેમામાં બાળકો સાથે 'ફેરારી કી સવારી' ફિલ્મ જોવાનો આનંદ લીધો હતો.

ગાંધીનગર જિલ્લાના ત્રણ દિવસના ફિલ્મોત્સવ કાર્યક્રમ દરમ્યાન કુલ - ૬૦૦૦ જેટલા બાળકોએ મલ્ટીપ્લેક્સ સિનેમામાં ફિલ્મ જોઈ ચુક્યા છે. આજ રોજ ગાંધીનગર તાલુકાના મગોડી ગામની પ્રાથમિક શાળાના ૭૦ બાળકોને ગાંધીનગરના સેકટર-૧૧માં આવેલી સિનેમેક્સ સિનેમામાં ફિલ્મ જોવા લાવવામાં આવ્યા હતા.

પિકચરનો આરંભ થાય તે પહેલા ઈન્ચાર્જ કલેકટર શ્રી



ડી.પી.દેસાઈ અને નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ. જાડેજાએ બાળકો સાથે વાતચીત કરતાં હતાં, ત્યારે ઈન્ચાર્જ કલેકટર શ્રી ડી.પી.દેસાઈએ બાળકોને પુછ્યું હતુ કે, મલ્ટી પ્લેક્સ સિનેમામાં કટેલા બાળકોએ પિકચર જોયું છે, તેના જવાબમાં ૭૦ માંથી એક પણ બાળકે મલ્ટી પ્લેક્સ સિનેમામાં ફિલ્મ જોઈ ન હતી. આજે તેમને મલ્ટી પ્લેક્સ સિનેમામાં ફિલ્મમાં જોવા મળી તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે પ્રોટોકોલ નાયબ કલેકટર અને બાળ ફિલ્મોત્સવના નોડલ અધિકારી શ્રી જીજ્ઞાસાબેન વેગડા, નાયબ મામલતદાર શ્રી ગોર સહિત શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## આપના ઘર આંગણે એસએમએસ કરી રોપા મંગાવો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં વર્ષાઋતુ દરમિયાન વૃક્ષો વાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે કોઈ વ્યકિત વૃક્ષો વાવવાની ઈચ્છા ધરાવતા હોય તેમણે મો. નં. ૯૨૨૭૭૭૨૧૯૯, ૦૭૯ ૨૯૨૨૯૯૯૯ ઉપર કચેરી સમય દરમિયાન એસ.એમ.એસ./ વોટસએપ દ્વારા કોલ કરનાર નાગરીકની વિગતો પુછીને જે નાગરીક વૃક્ષ ઉછેરવાની ખાતરી આપે તેમને ત્યાં સુચવવામાં આવેલ સ્થળ પર કચેરીની ટીમ દ્વારા વિના મુલ્યે વધુમાં વધુ પાંચ રોપાની મર્યાદામાં રોપા રોપી આપવામાં આવશે. જેનો ગાંધીનગર શહેરની જાહેર જનતાએ લાભ લેવા જણાવાયું છે.

જેમાં ગુલમહોર, ગરમાળો, પીન્કેશીયા, મીલેટીયા, પેલ્ટોફોર્મ, કાસીદ, બોરસલ્લી, જાંબુ, લીમડા, કરંજ, ટબુબીયા અને કેસુડો જેવા વૃક્ષો વાવી શકાશે.

# શહેરમાં બાંકડાઓ બિચારા-બાપડા બન્યા

## પિકઅપ બસ સ્ટેન્ડોમાં મુકાયેલા બાંકડાઓ હટાવી હલકી કક્ષાની બેઠકો ચણાવી, ઉખડી ગયેલ પ્લાસ્ટરવાળી બેઠકો બિન ઉપયોગી, ભ્રષ્ટાચારનો ભોરિંગ બસ સ્ટેન્ડોને આભડી ગયો

ગાંધીનગર, તા.૧૨

શહેરના દરેક વિસ્તારમાં ખુણે ખુણે બાંકડાઓ મુકી શ્રેષ્ઠ વ્યવસ્થાનું ઉદાહરણ પુરું પડાયું હતું. જેમાં ઠેર ઠેર આવેલા પિક અપ બસ સ્ટેન્ડમાં પણ બાંકડા મુકી મુસાફરોને સુવિધા અપાઈ હતી. શહરીજનો બાંકડા વ્યવસ્થા થકી ઘણા જ ખુશ હતા. પરંતુ ભ્રષ્ટાચારના ભોરીંગના ઓછાયા એ આ સુચારુ વ્યવસ્થાને છિન્ન ભિન્ન કરી નાખી છે અને બાંકડાઓને જર્જરીત હાલતમાં બિચારા-બાપડા બનાવી દીધા છે. જેમાં વળી બસ સ્ટેન્ડમાંથી બાંકડા હટાવી જર્જરીત ચણાયેલી બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. આ બેઠકો ઉપરથી પ્લાસ્ટર ઉખડી જઈને જર્જરીત બેઠકો થઈ જતા આ વ્યવસ્થા બિનઉપયોગી બની ગઈ છે. જે કારણે શહેરીજનો તથા મુસાફરોમાં તંત્ર વિરુધ્ધ ફિટકાર વરસ્યો છે.

શહેરમાં મુકાયેલા બાંકડાએ શહેરની શોભા વધારી દીધી હતી તેમજ શહેરીજન અને બહારથી આવતા લોકો શહેરની આ બેઠક વ્યવસ્થાથી ઘણા જ પ્રભાવિત પણ હતા. દિવસ રાત બાંકડાઓનો ઉપયોગ થતો હતો. ઘડી બે ઘડી આરામદાયક રીતે બેસી શકાય તેવી આ વ્યવસ્થાથી મહિલાઓ, વૃધ્ધો અને બાળકોને ઘણી જ રાહત થતી હતી પરંતુ અચાનક જ તંત્રએ બાંકડાઓને બાજુમાં હટાવી દઈ જર્જરીત હાલતમાં રેઢા મુકી દેતા તેની દશા બિચારા-બાપડા જેવી



થઈ ગઈ છે. લાખ્ખોના ખર્ચે વસાવેલી આ સુવિધાની દુર્દશાથી શહેરીજનોમાં તંત્ર વિરૂધ્ધ ફિટકાર ઉભો થયો છે. તો બીજી તરફ શહેરના પીક અપ બસ સ્ટેન્ડમાંથી પણ બાંકડા હટાવીને ચણતર-પ્લાસ્ટર વાળી બેઠકો બનાવી દીધી છે જે બેઠકોમાંથી પ્લાસ્ટર ઉખડી જઈને જર્જરિત ભાસી રહી છે જે હરિયાળા-રળિયામણા અવા સ્માર્ટ સીટી દરજ્જાના શહેરને શરમાવી રહી છે. જયારે તુટેલી-ફુટેલી હાલતમાં બાકડાંઓને બાજુમાં કરી દેવાયા છે.

ભ્રષ્ટાચારની અવનવી સીડીઓ પૈકીની આ એક સીડી હોવાનો બળાપો શહેરીજનો અને મુસાફરો સુચારું બેઠક વ્યવસ્થા ગુમાવી દેવાથી કાઢી રહ્યા છે. બસની રાહ જોતા કે ચાલતા ચાલતા બે ઘડી બેસવા માટે બાંકડાઓ શ્રેષ્ઠ યથાર્થ બન્યા હતા તેમજ ચોમાસુ, શિયાળો કે ઉનાળામાં પણ બાંકડાઓ લોકો માટે આર્શીવાદરૂપ હતા તો કદરૂપી લાગતી ચણતરવાળી બેઠક વ્યવસ્થા પાછળ કયો હેતુ સમાયેલો છે તે લોકો સારી રીતે સમજી ગયા છે.

### ચિરવિદાય

● સ્વ. ત્રિભોવનદાસ શંકરદાસ પટેલ, ઉ.વ. ૮૦